ગાંધીનગર એસ.ટી. ડેપોમાંથી ખિસ્સાકાતરું શખ્સ ઝડપાયો

રૂ. ૨૫૦૦ રોકડા ભરેલું પાકીટ જેનું સેરવ્યું હતું તે મુસાફરે ફરિયાદ કરવાનું ટાળ્યું

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં આજે બપોરના અરસામાં એક બસમાં ચઢતી વખતે થયેલી ભીડનો લાભ લઈને મુસાફરનું ખિસ્સું કાતરવા ગયેલો શખ્સ રંગે હાથ ઝડપાઈ ગયો હતો. જે યુવાન મુસાફરનું ખિસ્સું કપાયું હતું તેને પાકીટ પરત મળી જતાં ખિસ્સા કાતરૂ સામે પોલીસ ફરિયાદ કરવાનું તેણે ટાળ્યું હતું.

બપોરના સુમારે ગાંધીનગર એસ.ટી. ડેપોમાં ગાંધીનગર-સરખેજ રૂટની બસમાં ભીડ ભાડ વચ્ચે ચઢી રહેલા એક યુવાન મુસાફરને નિશાન બનાવીને ભીડનો લાભ લઈ એક ખિસ્સાકાતરૂ શખ્સે તેના ખિસ્સામાંથી પાકીટ સેરવી લીધું હતું.ખિસ્સામાંથી રૂપિયા ભરેલું પાકીટ ખેંચતા શખ્સને મુસાફરે અને ગાંધીનગર ડેપોના બે કર્મચારીઓ ધર્મેન્દ્રભાઈ તથા વિપુલભાઈએ મળીને રંગે હાથ ઝડપી પાડયો હતો. માણસાનાં આ શખ્સને પકડીને ડેપોની પુછપરછ કેબીનમાં બેસાડીને પોલીસ બોલાવવામાં આવી હતી પરંતુ રૂ. ૨૫૦૦ ભરેલું પાકીટ જેનું ગયું હતું તેને પાકીટ મળી જતાં ફરીયાદ કરવાનું ટાળ્યું હતું.

ચિલોડાના બુટલેગરને એક વર્ષ માટે તડીપાર કરાયો

પાંચ જિલ્લામાંથી તડીપાર થયેલા બુટલેગરને પોલીસ કપડવંજ મુકી આવી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર પાસેના ચિલોડા વિસ્તારમાં રહેતા એક બુટલેગરને એક વર્ષ માટે પાંચ જિલ્લામાંથી તડીપાર કરવા મંજુરી મળતા થયેલા હૂકમને આધારે ચિલોડા પોલીસ તે બુટલેગરને આજે કપડવંજ પાસેના એક ગામમાં મુકી આવી છે.

ચિલોડાનો બુટલેગર મુકેશ દોલતસિંહ ચૌહાણ અવારનવાર દારૂ વેચવાના ગુનામાં પોલીસના હાથે ઝડપાયેલો છે જેને પગલે મુકેશ ચૌહાણને પાંચ જિલ્લામાંથી તડીપાર કરવાનો હૂકમ થયો હતો. ગાંધીનગર, અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય મહેસાણા અને સાબરકાંઠા મળીને પાંચ જિલ્લામાંથી મુકેશ ચૌહાણને એક વર્ષ માટે તડીપાર કરવાના થયેલા આદેશને પગલે ચિલોડા પોલીસ તેને કપડવંજ પાસેના એક ગામમાં મુકી આવી છે.

નેશનલ સાયન્સ સેમિનાર ૨૦૧૩ સ્પર્ધા સાયન્સ સીટી ખાતે યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોટ) દ્વારા રાજયમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર અને પ્રસાર માટે વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. ગુજકોસ્ટ દ્વારા સ્ટેટ લેવલ સ્પર્ધા 'નેશનલ સાયન્સ સેમિનાર ૨૦૧૩'નું આયોજન તાજેતરમાં અમદાવાદ સાયન્સ સીટી ખાતે કરવામાં આવ્યું હતું.

આ રાજય કક્ષાના સેમિનારમાં મંત્રી બાબુભાઈ બોખિરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું તેમજ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા મુસ્તકિમાં મુખ્તાર મકવાણાને રૂ. ૧૦હજાર, દ્વિતીય ક્રમે વિજેતા શીતલ ઉજજવલને રૂ. ૭૫૦૦ તથા તૃતીય ક્રમે વિજેતા વિશ્વા પટેલને રૂ. ૫૦૦૦નું રોકડ ઈનામ સહિત પ્રમાણપત્ર આપી નવાજયા હતા. અને જીવનમાં પ્રગતિ કરવા અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પી.આર. ગુપ્તે, બી સ્વરૂપ મહાપાત્ર, ડી.એન. રાવ, બી.ઓ. પંડિત ઉપસ્થિત પહ્યા હતા. જયારે સી. પાઉલ પ્રભાકર, દિલીપ ગઢવી, ડૉ નરોત્તમ સાહુ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

ગાંધીનગર ખાતે ધરતીના લાલ દૈનિક દ્વારા પાંચમો મહા રકતદાન મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ખાતે દૈનિક ધરતીલાલ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પાંચમો મહા રકતદાન ભવ્ય મેળો યોજાઈ રહ્યો છે.

ગાંધીનગર ખાતે તા.૨૨મી સપ્ટેમ્બરના રોજ જાણીતા શિક્ષણ શાસ્ત્રી સ્વ. શ્રી સુબોધકુમાર નંદાની નવમી પુણ્યતિથિ નિમિત્તે તથા દૈનિક ધરતીના લાલના સ્થાપક તંત્રી શ્રી મગનલાલ સાજણ બારોટના જન્મ દિન નિમિત્તે પાંચમાં 'મહા રકતદાન મેળા'નું ભવ્ય આયોજન કરાયું છે.

આ રકતદાન મહામેળામાં ગુજરાત રાજયના અધિક મુખ્ય સચિવશ્રી ગૃહ વિભાગના ડૉ. શ્રી એસ.કે. નંદા ખાસ પધારી કાર્યક્રમનું દીપ પ્રાગટય કરી રકતદાનમેળાનો આરંભ કરાવશે. તથા આ મેળામાં ગુજરાતના અગ્રણીઓ, અધિકારીઓ, જાહેર સંગઠનોના અગ્રણીઓ, જાહેર ક્ષેત્રના મોભીઓ ખાસ ઉપસ્થિત રહીને રકતદાતાઓનો ઉત્સાહ વધારશે. સાથે સાથે એક લોકડાયરાનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના લોકલાડીલા ફિલ્મી કલાકારો પણ હાજરી આપી આવેલ રકતદાતાઓનો હોંસલો વધારશે. આ મહા રકતદાન મેળામાં ખાસ તો એ છે કે ૪૦૦થી ૫૦૦ કિ.મી.ના અંતરેથી કચ્છ અને સૌરાષ્ટ્રના સેવાભાવી લોકો, યુવા વર્ગ ઉત્સાહથી રકતદાન કરવા આવે છે. આ મહા રકતદાન મેળામાં જનતા સ્વૈચ્છિક રકતદાન કરવા આગળ આવે તેવી વિનંતી કરવામાં આવી છે.

સેક્ટર-૨૯ મુખ્ય શોપીંગ પાસે આવેલ અંબાજી મંદિર પાસે એક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જાણીતા ટી.વી. કલાકાર કલ્પેશ કટારીસા અને સાથી કલાકારો દ્વારા ગીતોની રજૂઆત કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

ક્લાર્કના આપઘાત કેસમાં આરોપી અધિકારીઓના વોરંટ ઈસ્યુ થશે

ગાંધીનગર, તા. ૨૦

ઉદ્યોગભવન ખાતેની જીઆઈડીસીની ઓફીસમાં દવા ગટગટાવીને ક્લાર્ક નરેશ ચાવડાએ કરી લીધેલા આપઘાત પ્રકરમણાં જે ત્રણ અધિકારીઓ સામે ગુનો દાખલ થવા પામ્યો હતો તે અધિકારીઓના આગોતરા જામીન નામંજુર થતા હવે આ ત્રણેય અધિકારીઓની ધરપકડ માટે વોરંટ ઈસ્યુ કરવામાં આવશે.

આજે સેક્ટર-૩૦માં નિશુલ્ક રોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

અર્બન હેલ્થ સેન્ટર, પાલજ અને મહાનગરપાલિકા ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૩૦ સરકારી દવાખાના ખાતે નિશુલ્ક રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

અર્બન હેલ્થ સેન્ટર, પાલજ અને મહાનગરપાલિકા ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૩૦ સરકારી દવાખાના ખાતે તા. ૨૧-૯-૨૦૧૩, શનિવારના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી નિશુલ્ક રોગ નિદાન કેમ્પ રાખેલ છે. જેનો વસાહતીઓએ લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

શહેરથી દુર સાપુતારાના સાનિધ્યમાં ૪૦ સિનિયર સિટીઝનોનો પ્રવાસ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સિનિયર સિટિઝન્સ કાઉન્સીલના સહયોગથી તા. ૧૭ને ૧૮ સપ્ટેમ્બર એમ બે દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

શહેરના ઘોંઘાટિયા વાતવરણથી દુર કુદરતના સાંનિધ્ય સમા એવા ગિરિમથક સાપુતારાના પ્રવાસે ગાંધીનગરના ૪૦ જેટલા સિનિયર સિટીઝનો જોડાયા હતા. આ પ્રવાસ દરમિયાન વડીલોએ ગીતો, ભજનો અને મિમિક્રી જેવી રમતો રમીને આનંદ ઉઠાવ્યો હતો. જેમાં મધુસુદનભાઈ ગાંધી, હસમુખભાઈ ગાંધી, હરેશભાઈ ભટ્ટ, મનહરભાઈ શાહ, અશ્વિનભાઈ શાહ જેવા સિનિયર સભ્યો પણ આ પ્રવાસમાં જોડાયા હતા.

સંસ્થાઓને ફાળવેલા ૨૦૦ આવાસોની તંત્રએ તપાસ કરી

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં સંસ્થાઓને ફાળવવામાં આવેલા સરકારી આવાસોના ઉપયોગના હેતુ સંદર્ભે તંત્ર દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. ભાડા વસુલાતી શાખા દ્વારા વિવિધ સેકટરોમાં ૨૦૦ જેટલા આવાસોમાં તપાસ કરવામાં આવી હતી. આ પૈકી એક કિસ્સામાં હેતુફેર થયો હોવાનું ધ્યાને આવ્યું હતું.

શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના ૧૬ હજારથી વધુ સરકારી આવાસોના મામલે તંત્ર દ્વારા સમયાંતરે ચકાસણી હાથ ધરવામાં આવે છે. છેલ્લા એક દાયકામાં પેટા ભાડુઆતો ઉપરાંત નિવૃત્તિ અને અવમાન બાદ આવાસો ખાલી ન કરવામાં આવતા હોવાના કિસ્સામાં અગાઉ કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. જયારે પેટા ભાડુઆતોના કૌભાંડ સંદર્ભે પણ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એક બાજુ સરકારી આવાસોના મજબૂતીકરણ માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જયારે નિકાલ હેઠળના આવાસો પણ તંત્ર માટે શિરદર્દ સમાન બન્યા છે. નિકાલ હેઠળના મકાનોમાં પણ શ્રમજીવીઓએ ગેરકાયદેસરના ધામા નાખ્યા હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાના મામલે હજુ કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. શહેરના આવાસો પૈકી સંસ્થાઓને ફાળવવામાં આવેલા સરકારી મકાનોના મામલે મંજુરીની પ્રકીયા હજુ પડતર છે. આવા સંજોગોમાં વિભાગ કક્ષાએથી મળેલી સૂચના અન્વયે ભાડા વસુલાત શાખા દ્વારા ગઈકાલે શહેરના જુદા જુદા સેકટરોમાં સંસ્થાઓ હસ્તકના આવાસોની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન આવાસ જે હેતુથી ફાળવવામાં આવ્યા હોય તે હેતુને ધ્યાને લઈ ઉપયોગ સંદર્ભે હેતુફેર થાય છે કે કેમ તે બાબતે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. અંતરંગ સૂત્રોના જણાવ્યા અનુસાર માત્ર એક કિસ્સામાં હેતુફેર થયો હોવાનું ધ્યાને આવ્યું હતું. જે સંદર્ભે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સામાજિક આર્થિક અને જાતિ આધારિત વસ્તી ગણતરીમાં ગાંધીનગર મનપા પ્રથમ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સામાજિક આર્થિક અને જાતિ આધારિત વસ્તી ગણતરીની કામગીરી સંપન્ન થઈ છે અને આ કામગીરી આપણે સૌ પ્રથમ પૂર્ણ કરી છે એટલું જ નહિ તે સર્વર પર ઉપલબ્ધ કરાઈ છે તેમજ તેની યાદી ટૂંકમાં જ પ્રસિદ્ધ કરાશે તેમ મ્યુનિ. કમિશ્નરશ્રી લલિત પાડલિયાએ આજે સામાન્ય સભામાં જાહેરાત કરી હતી.

તેમણે આ જાહેરત કરતાં જણાવ્યું હતું કે આગામી ૧૦ દિવસમાં આ યાદીની પ્રાથમિક પ્રસિદ્ધ કરવામાં આવશે. મહાનગરપાલિકાની વોર્ડ ઓફિસોમાં આ યાદી જાહેર જનતાને જોવા માટે અને મહાનગરપાલિકા ખાતે પણ જોવા માટે ઉપલબ્ધ રહેશે.

દરેક વ્યક્તિ પોતાના કુટુંબની વિગતો આ યાદીમાં ચકાસી લે તે ઈચ્છનીય છે. જો કોઈ સુધારો કરવાનો હોય તો તે માટે વાંધો જેવો કે, યાદીમાં વિગતોમાં કોઈ સુધારો અથવા તો કોઈ કુટુંબનું નામ જ નોંધણીમાં રહી ગયું હોય વગેરે માટે જરૂરી આધાર પુરાવા સાથે નિયત નમૂનામાં વાંધો વોર્ડ ઓફિસેથી ઉપલબ્ધ ફોર્મ ભરી તેની પોંહચ વોર્ડ ઓફિસર પાસેથી મેળવી લેવાનો રહેશે.

મુસદ્દો યાદી પ્રસિદ્ધ થયા બાદ ૨૧ દિવસ સુધીમાં વોર્ડ ઓફિસમાં વાંધો રજુ કરી શકાશે.

ભાટ નદીમાં મૂર્તિ પધરાવતા ડુબેલા યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૨૦

અમદાવાદના મણીનગર પાસેના ખોખરા વિસ્તારનો ૨૧ વર્ષિય યુવાન બે દિવસ અગાઉ ભાટ નદીમાં ગણેશ વિસર્જન દરમ્યાન મુર્તી પધરાવતા ડુબી ગયો હતો. બે દિવસ બાદ આજે નદીમાંથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો છે. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

મણીનગરના ખોખરા વિસ્તારનું એક ગૃપ ગણપતિ વિસર્જન કરવા બે દિવસ પહેલા ભાટ નદીમાં ઉતર્યા હતા. તે વખતે ૨૧ વર્ષીય યુવાન સત્યભાનસિંહ રાજપૂત ડુબી ગયો હતો. બે દિવસથી અમદાવાદ ફાયરબ્રિગેડની ટીમ દ્વારા શોધખોળ ચાલી રહી હતી. આ સંદર્ભે સરદારનગર પોલીસ સ્ટેશનને પણ જાણ કરવામાં આવી હતી. દરમ્યાન આજે બપોરે અડાલજ પોલીસ સ્ટેશનથી હદમાંથી ભાટ નદીમાંથી યુવાનનો મૃતદેહ અમદાવાદ ફાયરબ્રિગેડને મળી આવ્યો હતો. અડાલજ પોલીસમથકના જમાદાર ભીખાભાઈ દેસાઈએ મૃતદેહ પી.એમ. કરાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

રોટરી ક્લબ ઓફ કેપીટલ, ગાંધીનગર તરફથી આદર્શ નિવાસી ગર્લ્સ સ્કુલની સેકટર-૮ ખાતે આવેલ ગર્લ્સ હાઈસ્કુલ ખાતે ધોરણ-૯, ૧૦, ૧૧ની વિધાર્થીની બહેનોને જયારે પરીક્ષા નજીક આવી રહી છે ત્યારે તનાવ મુક્તિ અને તેનું મેનેજમેન્ટ કરી યાદશકિતમાં વધારો કરવામાં આવે તે બાબતને લક્ષમાં લઈને તા.૧૯-૦૯-૨૦૧૩ના રોજ સેકટર-૮ની ગર્લ્સ હાઈસ્કુલમાં સ્ટ્રેસ મેનેજમેન્ટ વર્કશોપનો ત્રણ દિવસનો આરંભ કરવામાં આવેલ છે.

ગાંધીનગરમાં સાફ-સફાઈના અભાવે ઠેર ઠેર કચરાના ઢગલા

ગાંધીનગર, તા.૨૦

વરસાદ બાદ ગાંધીનગરમાં સાફ સફાઈ કરવામાં ન આવતા શહેરમાં ઠેર ઠેર કચરો નજરે પડે છે. સ્વચ્છતાના અભાવે બિમારીઓનું પ્રમાણ પણ વધ્યું છે. ગાંધીનગર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ મ્યુ. કમિશનરને પત્ર લખી શહેરમાં સાફ સફાઈ કરાવવા રજુઆત કરી છે.

તેમણે પત્રમાં જણાવ્યું છે કે ગાંધીનગર શહેરના જાહેર રોડ-રસ્તાઓ તથા આંતરિક રહેઠાણો સરકારી વસાહતોમાં સાફ સફાઈના અભાવે ઠેર ઠેર મોટા કચરાના ઢગલાઓ ખડકાયેલા જણાય છે જે મહાનગરપાલિકાના કર્મચારીઓ દ્વારા નિયમિત સાફ સફાઈ કરવામાં આવતી નથી. નવવિકસિત ૧ થી ૧૫ સેકટરોમાં બિલકુલ સાફ સફાઈ થતી જણાતી નથી અને રોડ રસ્તાઓ તથા રહેઠાણ વિસ્તારમાં આડેધડ કચરાના ઢગલાઓ જોવા મળે છે. જેને કારણે તાજેતરમાં ચોમાસામાં ભારે વરસાદ થવાથી આ કચરો કોહવાઈ જવાથી જીવજંતુઓ પડે છે અને શહેરના નાગરિકો તાવ મેલેરિયા ટાઈફોઈડ ઝાડા ઉલટી જેવા અનેક જીવલેણ રોગનો ભોગ બનેલ છે અને અત્યારે સિવીલ હોસ્પિટલ તથા ખાનગી દવાખાનાઓ દર્દીથી ઉભરાય છે આથી ગાંધીનગર શહેરના તમામ જાહેર રસ્તાઓ તથા રહેણાંક વિસ્તાર અને શહેર સમાવેશ તમામ ગ્રામ્ય વિસ્તારમાં સાફ સફાઈ અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરવાની વ્યવસ્થા થવી જોઈએ. ગાંધીનગર શહેરના નાગરિકો પાસે કરોડો રૂપિયાનો મિલકત વેરો વસુલી મહાનગર પાલિકાની તિજોરી છલકાવી દીધી છે અને કડકાઈથી વસુલાત કરવામાં આવેલ છે. પરંતુ નાગરિકોને હજુ સુધી સુખ સુવિધા તથા સગવડો પૂરી પાડવામાં આવી નથી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૮
સૂર્યાસ્ત : ૬.૪૨

તાપમાન

મહત્તમ : ૩૭.૬ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૪૫ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ફટા પોસ્ટર નીકલા હીરો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ધ લન્ચ બૉક્ષ : ૯.૪૫, ૩.૧૦, ૫.૩૫, ૧૦.૪૫
ગ્રાન્ડ મસ્તી : ૧૨.૧૦
શુદ્ધ દેશી રૉમાન્સ : ૮.૦૦

: સ્ક્રીન-૩ :
ફટા પોસ્ટર નીકલા હીરોઃ ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :
ગ્રાન્ડ મસ્તી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

ફટા પોસ્ટર નીકલા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ફટા પોસ્ટર નીકલા હીરો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ગ્રાન્ડ મસ્તી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ફટા પોસ્ટર નીકલા હીરો : ૧૧.૦૦, ૫.૦૦, ૧૧.૦૦
ગ્રાન્ડ મસ્તી : ૨.૦૦, ૮.૦૦

સિરાગ, કલોલ

મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- શિવરંજની નવપલ્લવિત દશાબ્દી વર્ષ ૨૦૧૩-૧૪ નિમિત્તે ઉત્સવ-૧માં લોકપ્રિય ગુજરાતી ગીતોને નવા કંઠ અને નવા ચહેરાને પ્રોત્સાહિત કરતો કાર્યક્રમ 'ઉઘડતા અવાજનું આકાશ'

આપની આજ

મેષ : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું.

મિથુન : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

સિંહ : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરશો.

કુંભ : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

મીન : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

ચિરવિદાય

- સ્વ. તાપુદેવી પુરસિંહ ચૌહાણ, (ઉ.વ.૧૦૮) મુ. ડાસરીયા, તા. ભીમ. જિ.રાજસંબંધ (રાજય-રાજસ્થાન)
- સ્વ. દેવુબા શિવાજી વાઘેલા (ઉ.વ.૮૫) મુ.પેથાપુર. તા.જિ.ગાંધીનગર.
- સ્વ. બળદેવજી રણછોડજી ઠાકોર (ઉ.વ.૪૦) મુ. મોટા ચિલોડા. તા.જિ.ગાંધીનગર
- સ્વ. શાંતિલાલ શંકરલાલ પટેલ (ઉ.વ.૬૮) પ્લોટ ૩૦૩/૧, સેક્ટર-૮બી, ગાંધીનગર.
- સ્વ. અપશીબા નાથુસિંહ રહેવર (ઉ.વ.૭૦) મુ. લીંબોદરા. તા.કલોલ. જિ.ગાંધીનગર.
- સ્વ. પાલીબેન કાળાજી સોલંકી (ઉ.વ.૮૫) મુ. બુટાકીયા (ડભોડા) તા.જિ. ગાંધીનગર.